**ક્રીમીનલ કેસ નંબર ૩૭૧/૨૦૧૫**

GJJM100004492015

સત્યમેવ જયતે

દાખલ તારીખ : ૧૯/૦૮/૨૦૧૫
નોંધણી તારીખ: ૧૯/૦૮/૨૦૧૫
ફેંસલ તારીખ : ૦૫/૦૫/૨૦૨૬
સમયગાળો : વર્ષ-મહીના-દીન
૧૦ - ૦૮ - ૧૭

માનનીય ધ્રોલ ના જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટ સમક્ષ, સ્થળ ધ્રોલ.

આંક :-

ફરિયાદી :- એલ.ડી.ફળદુ,
ફુડ સેફટી ઓફીસર,
ખોરાક અને ઔષધ નિયમન તંત્ર,
દરબારગઢ સર્કલ પાસે, પ્રથમ માળ,
જામનગર.

વિરુદ્ધ

આરોપીઓ :- (૧) મુર્તુજા નજમુદીન કાદીયાણી
(નમુનો આપનાર અને ફુડ બીઝનેસ ઓપરેટર)
રવિ સિઝન સ્ટોર્સ,
એસ.ટી.રોડ, ધ્રોલ.
રહેવાસી : મોરબી નાકા પાસે,
મુ. ધ્રોલ.

(૨) બાબુલાલ બાવનજીભાલ અમૃતીયા

(ફુડ બીઝનેસ ઓપરેટર ના માલીક)

(મરણ પામેલ હોઇ તેમના પુરતો કેસ એબેટ કરેલ છે.)

રવિ સિઝન સ્ટોર્સ,

એસ.ટી.રોડ, ધ્રોલ.

ગુન્હો :- ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ ની કલમ 3(૧) (zz) (viii) મુજબ અનસેફ તથા કલમ 3(૧) (zf) મુજબ મીસ બ્રાન્ડેડ, કલમ ૨૬(૧), (૨) (i)(ii) (v) નો ભંગ કરી કલમ ૫૯ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો.

.....................................................................................................................................

ફરીયાદી તર્ફે :- વિદ્વાન એ.પી.પી .શ્રી. આર. એસ. રામાણી

આરોપીઓ તર્ફે :- વિદ્વાન વકીલશ્રી જે.એચ.અનડકટ

.....................................................................................................................................

**<u>-: જજમેન્ટ :-</u>**

ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત ............................................................................3

આરોપીઓના જવાબ તથા વિશેષ નિવેદન ................................................................... 3

પુરાવો ........................................................................................................................4

દલીલો ......................................................................................................................12

મુદ્દાઓ ......................................................................................................................15

મુદ્દાઓ ના નિર્ણય ....................................................................................................16

કારણો ......................................................................................................................16

હુકમ ........................................................................................................................26

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**ધ્રોલ.**

## 1. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત :-

1.1. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગુરૂકૃપા બ્રાન્ડ પેક ની કચોરી અનસેફ અને મીસ બ્રાન્ડેડ હોઈ અને વેચાણ કરતા હોઈ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ ની કલમ કલમ ૩(૧) (zz) (viii) મુજબ અનસેફ તથા કલમ ૩(૧) (zf) મુજબ મીસ બ્રાન્ડેડ, કલમ ૨૬(૧), (૨) (i)(ii) (v) નો ભંગ કરી કલમ ૫૯ મુજબ ગુન્હો કરેલ છે.

## 2. આરોપીઓના જવાબ તથા વિશેષ નિવેદન :-

2.1. હાલના કામે આરોપીઓ સામે ઉપરોકત જણાવેલ ગુના મુજબના શિક્ષાપાત્ર ગુના સબબની ફરિયાદના આધારે આરોપીઓને સમન્સની બજવણી થતા આરોપીઓ અદાલતમાં હાજર થયેલ છે ત્યારબાદ હાલના કેસના આરોપીઓ ના વકીલ તરફે આંક ૬૧ થી રજુ થયેલ પુરશીશ તેમજ માર્ક ૬૨/૧ થી મરણ ના દાખલા ની નકલ રજુ થયેલ હોઈ તારીખ ૨૪/૦૯/૨૦૨૪ ના રોજ હાલના કેસના આરોપી નંબર ૨ એ મરણ ગયેલ હોઈ તેમના પુરતો હાલનો કેસ એબેટ કરવામાં આવેલ છે અને ત્યારબાદ હાલના કેસના આરોપી નંબર ૧ સામે ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે પરંતુ હાલના કેસમાં ફરીયાદીપક્ષ તરફે આંક ૬૬ થી ફરીયાદી ની સરતપાસ થયા બાદ અત્રેની કોર્ટ ને ધ્યાનમાં આવેલ કે હાલના કેસના આરોપી ની પ્લી લેવામાં આવેલ નથી જેથી હાલના કેસના આરોપી નંબર ૧ ની પ્લી આંક ૧૩૪

લેવામાં આવેલ છે, જેમાં તેઓએ ગુનાનો ઈન્કાર કરેલ હોઈ હાલનો કેસ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ હતો.

3. **પુરાવો :-**

3.1. ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ તહોમત પુરવાર કરવા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

-: મૌખિક પુરાવો :-

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી લલીતકુમાર દેવશીભાઇ ફળદુ | ૬૬ |
| ૨. | સાક્ષી કલ્પેશભાઇ હસમુખભાઇ ચનીયારા | ૧૫૨ |

-: દસ્તાવેજી પુરાવો :-

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પીએફએ એકટ ૧૯૫૪ અન્વયે ફુડ હેલ્થ ઓથોરીટીની ત્રણ માસની ટ્રેનીંગ લીધેલ તેના સર્ટીફીકેટ રજુ. | ૬૭ |
| ૨. | ગુજરાત રાજ્યના ગેઝેટ નોટીફીકેશન તા.૨૭.૦૪.૧૯૯૨ થી નોટીફાઈડ ફુડ ઈન્સપેકટર જાહરે થયેલ જેની ખરી નકલ | ૬૮ |
| ૩. | ફુડ સેફટી ઓફિસર તરીકે પાવર્સ એફએસએસ એકટ અન્વયે આપેલા તે હુકમની નકલ | ૬૯ |

| | | |
|---|---|---|
| ૪. | ફુડ રજીસ્ટ્રેશનની એફબીઓ તથા સાક્ષીઓની સહી વાળી ઝેરોક્ષ નકલ | ૭૦ |
| ૫. | એફબીઓએ પોતાનુ ડ્રાઈવીંગ લાઈસન્સ અસલ બતાવી ઝેરોક્ષ નકલ આપેલી જેમા એફબીઓની તથા સાક્ષીની સહી છે જે નકલ | ૭૧ |
| ૬. | નમુનો પૃથ્થકરણ કરવા અર્થે ફોર્મ ૫ એ મા લેખિત સુચના આપી સાક્ષીની, એફબીઓની સહીઓ કરેલી જે અસલ એફબીઓને આપેલ જે અસલ | ૭૨ |
| ૭. | નમુનો ખરીદ કર્યા અંગે નાણાં ચુકવ્યા અંગેની નિયત નાણા પાવતી. | ૭૩ |
| ૮. | નમુના ઉપર ચોટાડેલ લેબલની સ્થળપ્રત | ૭૪ |
| ૯. | પંચનામુ અસલ | ૭૫ |
| ૧૦. | એસ.ટી પાર્સલની પહોંચ | ૭૬ |
| ૧૧. | સ્પેશીમેન ઈમ્પ્રેશન ઓફ સીલ દર્શાવતો પત્ર તથા મેમો ફોર્મ-૬ સીલબંધ કવરમાં રજી.પોસ્ટ એ.ડી પત્રથી ફુડ એનાલીસ્ટશ્રી, વડોદરાને મોકલાવેલ પત્ર | ૭૭ |
| ૧૨. | પોસ્ટની એકનોલેજમેન્ટ | ૭૮ |
| ૧૩. | નમુનાના ત્રણ ભાગ ડી.ઓ.શ્રી ને મળ્યા અંગેની પહોંચ | ૭૯ |

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**ધ્રોલ.**

| | | |
|---|---|---|
| ૧૪. | મેમોરેન્ડમ ફોર્મ નં ૬ ની સ્થળપ્રત | ૮૦ |
| ૧૫. | ઉત્પાદકને ઈન્ટીમેશન ફોર્મ નં ૫ એ ની લેખિત સુચના પત્રની સ્થળપ્રત તથા સરનામું પુરુ ન હોવાથી રજી.એ.ડી ના થઈ શકેલ નું કવર | ૮૧ |
| ૧૬. | પોસ્ટ બંધ કવર પોસ્ટ ખાતાના શેરા સાથેનુ કવર | ૮૨ |
| ૧૭. | ફુડ એનાલીસીસને એસટી પાર્સલ થી નમુનાનો એક ભાગ સીલબંધ પેકેટમા મળેલ તથા રજી.એ.ડી થી નમુનાના સીલની સીલ ઈમ્પ્રેશન તથા મેમોરેન્ડમ મળ્યા અંગેની પહોંચ. | ૮૩ |
| ૧૮. | ફુડ એનાલીસ્ટ વડોદરા દ્વારા નમુનો અનસેઈફ તથા મીસ બ્રાન્ડેડ જાહેર તથા ફુડ એનાલીસ્ટનો રીપોર્ટ ફોર્મ નં બી ડીઓશ્રીએ આગળની કાર્યવાહી માટે સોંપેલ જે રીપોર્ટ અસલ | ૮૪ |
| ૧૯. | સહી વાળો ડીઓનો પત્ર | ૮૫ |
| ૨૦. | એફબીઓને નમુનાનુ ખરીદ બીલ તથા ઉત્પાદક પેઢીનુ નામ સરનામુ વિગેરે પુરી પાડવા રજી.પોસ્ટ એડી થી પત્ર લખેલ જેની સ્થળપ્રત | ૮૬ |
| ૨૧. | પોસ્ટ એકનોલેજમેન્ટ સ્લીપ | ૮૭ |

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**ધ્રોલ.**

| | | |
|---|---|---|
| ૨૨. | એફબીઓએ તા.૧૫-૧૦-૨૦૧૪ ના પત્ર થી ખરીદ બીલ તથા પેઢીના માલિક અંગેનુ સોગંદનામુ રજુ કરેલ જે પત્ર અસલ | ૮૮ |
| ૨૩. | ખરીદ બીલ | ૮૯ |
| ૨૪. | સોગંદનામુ | ૯૦ |
| ૨૫. | આંક ૮૮ વાળા પત્રના અનુસંધાને એફબીઓએ જે પુર્તતા કરેલ તેની જાણ એફબીઓને તા.૨૦.૧૦.૨૦૧૪ થી કરેલ તે પત્રની સ્થળપ્રત | ૯૧ |
| ૨૬. | ફોર્મ ૫ એ રજી.પોસ્ટ એડી થી મોકલેલ તે ફોર્મની સ્થળપ્રત તથા પોસ્ટ એકનોજમેન્ટ | ૯૨ |
| ૨૭. | ફોર્મ ૫ એ રજી.પોસ્ટ એડી થી મોકલેલ તે ફોર્મની સ્થળપ્રત તથા પોસ્ટ એકનોજમેન્ટ | ૯૩ |
| ૨૮. | તા.૨૦.૧૦.૨૦૧૪ ના રોજ ઉત્પાદક પેઢીના બંધારણની વિગતો રજુ કરવા રજી.પોસ્ટ એડી થી પત્ર લખેલ તેની સ્થળપ્રત | ૯૪ |
| ૨૯. | પેઢીના માલિકે પેઢીની માલિકી બાબતે સ્પષ્ટતા કરતો અસલ પત્ર તા.૨૭.૦૧.૨૦૧૪ ના રોજ મળેલો તે પત્ર અસલ | ૯૫ |
| ૩૦. | એફબીઓના સોગંદનામાની ઝેરોક્ષ | ૯૬ |

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**ધ્રોલ.**

| | | |
|---|---|---|
| ૩૧. | ફુડ રજીસ્ટ્રેશન રદ કરવા અંગે લખેલ પત્રની નકલ | ૯૭ |
| ૩૨. | ઉત્પાદક પેઢી તરફથી ડોલરરામ નથુરામ નિમાવતે તા.૨૩.૧૦.૨૦૧૪ના પત્રથી જણાવેલ કે ઉત્પાદક પેઢીના માલિક સુરેશભાઈ ડોલરભાઈ નિમાવતનુ અવશાન થયેલ હોય તેમજ તેઓને આ પેઢી વિશે કંઈ જાણકારી નથી તે બાબતનો પત્ર | ૯૮ |
| ૩૩. | સુરેશભાઈ ડોલરભાઈ નિમાવતની અંતિમ સંસ્કારની પહોચો | ૯૯ |
| ૩૪. | સુરેશભાઈ ડોલરભાઈ નિમાવતની અંતિમ સંસ્કારની પહોચો | ૧૦૦ |
| ૩૫. | સુરેશભાઈ ડોલરભાઈ નિમાવતની અંતિમ સંસ્કારની પહોચો | ૧૦૧ |
| ૩૬. | પોલીસે ગુજ.સુરેશ ડોલરરામ નિમાવતની લાસ સોંપેલ તે બાબતની પહોંચ | ૧૦૨ |
| ૩૭. | તા.૨૨.૦૯.૨૦૧૪ ના છાપાનુ કટીંગ | ૧૦૩ |
| ૩૮. | આર.એફ.એલ મા એફબીઓએ અરજી કરતા નમુનાનો એક ભાગ ડીઓ શ્રીએ આરએફએલ ગાજીયાદબાદને મોકલેલ તેની જાણ કરેલ પત્ર તથા મેમોરેન્ડમ ફોર્મ નં ૬ | ૧૦૪ |

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**ધ્રોલ.**

| | | |
|---|---|---|
| ૩૯. | આર.એફ.એલ મા એફબીઓએ અરજી કરતા નમુનાનો એક ભાગ ડીઓ શ્રીએ આરએફએલ ગાજીયાદબાદને મોકલેલ તેની જાણ કરેલ પત્ર તથા મેમોરેન્ડમ ફોર્મ નં ૬ | ૧૦૫ |
| ૪૦. | ડી.ઓ શ્રી એ આરોપીઓને ફુડ એનાલીસ્ટનો રીપોર્ટ તથા તેની નોટીસ રજી.એ.ડી થી મોકલેલ જે રજુ | ૧૦૭ |
| ૪૧. | આંક ૧૦૭ વાળી નોટીસ આરોપીઓને રજી.પોસ્ટ એ.ડી થી મળ્યા અંગેની પોસ્ટ એકનોલેજમેન્ટ સ્લીપ એફ.બી.ઓ પેઢીના માલિકને મળ્યા અંગેની પરત આવેલ તે રજુ | ૧૦૮ |
| ૪૨. | આંક ૧૦૭ વાળી નોટીસ આરોપીઓને રજી.પોસ્ટ એ.ડી થી મળ્યા અંગેની પોસ્ટ એકનોલેજમેન્ટ સ્લીપ એફ.બી.ઓ પેઢીના માલિકને મળ્યા અંગેની પરત આવેલ તે રજુ | ૧૦૯ |
| ૪૩. | ઉત્પાદક પેઢી તથા તેના જવાબદાર વ્યક્તિઓને બજેલ નહી તે કવર | ૧૧૦ |
| ૪૪. | ઉત્પાદક પેઢી તથા તેના જવાબદાર વ્યક્તિઓને બજેલ નહી તે કવર | ૧૧૧ |
| ૪૫. | આંક ૧૦૮ થી ૧૧૧ વાળા દસ્તાવેજો કોર્ટમા રજુ કરવા ડી.ઓ શ્રીએ ફોરવર્ડીંગ લેટર આપેલ જે રજુ | ૧૧૨ |
| ૪૬. | રેફરલ ફુડ લેબોરેટરીનો પત્ર તથા ટેસ્ટ રીપોર્ટ | ૧૧૩ |

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**ધ્રોલ.**

| | | |
|---|---|---|
| ૪૭. | ડી.ઓ શ્રી એ કોર્ટમા કેસ દાખલ કરવા મંજુરી માટે દરખાસ્ત કરવા પત્ર લખેલ તે પત્ર અસલ | ૧૧૪ |
| ૪૮. | ઉત્પાદક પેઢીની માહિતીમાં જરૂરી સ્પષ્ટતા તથા ઉત્પાદક પેઢીનુ સેલટેકસ વિ.નાં પરવાના બાબતે સ્પેશીયલ તપાસ કરવા ગાંધીનગર રજુઆત કરેલી જે તા.૧૮.૦૪.૨૦૧૫ નો પત્ર | ૧૧૫ |
| ૪૯. | આંક ૧૧૫ વાળા પત્રના અનુસંધાને સેલટેક્સ વિભાગને રજીસ્ટર પોસ્ટ એ.ડી. થી માહિતી મોકલવા જણાવેલ જે અસલ પત્ર | ૧૧૬ |
| ૫૦. | પોસ્ટ એકનોલેજમેન્ટની સ્લીપ | ૧૧૭ |
| ૫૧. | શોપ ઈન્સ્પેકટર શ્રી જામનગર મહાનગર પાલીકાને રજીસ્ટર એ.ડી થી પેઢીના બંધારણની માહિતી મોકલવા બાબતે લખેલ પત્ર | ૧૧૮ |
| ૫૨. | રજીસ્ટર એ.ડી ની સ્લીપ | ૧૧૯ |
| ૫૩. | મહાનગર પાલીકા તરફથી માહીતી મળ્યા બાબતે પત્ર | ૧૨૦ |
| ૫૪. | જામનગર મ્યુનીસીપલ કોર્પોરેશનને ઉત્પાદક પેઢીના બંધારણની માહીતી માટે રજી.એ.ડીથી લખેલ પત્ર | ૧૨૧ |
| ૫૫. | રજી.એ.ડી ની સ્લીપ | ૧૨૨ |

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**ધ્રોલ.**

| | | |
|---|---|---|
| ૫૬. | જામનગર મહાનગર પાલીકા તરફથી પેઢીના બંધારણની માહિતીનો પત્ર | ૧૨૩ |
| ૫૭. | પેઢીના માલિક અવશાન પામેલ હોય જે અંગેનુ રોજકામ | ૧૨૪ |
| ૫૮. | નીમાવત સુરેશભાઈ ડોલરભાઈનું મરણનુ પ્રમાણપત્ર | ૧૨૫ |
| ૫૯. | ગુજરનારના પિતા સુરેશભાઇ અવસાન પામેલાનું સોગંદનામું | ૧૨૬ |
| ૬૦. | વિશેષ તપાસ ઉત્પાદક પેઢી બાબતે કરેલી જેની પુર્તતા ડી.ઓ.શ્રી.ને જરૂરી દસ્તાવેજો સાથે તા.૧૧.૦૬.૨૦૧૫ ના રોજ કરેલી | ૧૨૭ |
| ૬૧. | કમિશ્રનર શ્રી ની કચેરી ગાંધીનગર ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડ એકટ ૨૦૦૬ ની કલમ ૩૦ (૨) (ઈ) મુજબ ડેપ્યુટી કમિશ્રનર શ્રી ફુડ વિભાગ ગાંધીનગરનાઓએ મંજુરી આદેશ આપ્યાનો યાદી પત્ર | ૧૨૮ |
| ૬૨. | મંજુરી આદેશ | ૧૨૯ |
| ૬૩. | મંજુરી આદેશ આપવાની સત્તા ધરાવતો હુકમ | ૧૩૦ |
| ૬૪. | ફરીયાદ દાખલ કરેલી તે અંગેની જાણ કચેરીને કરેલી જે પત્ર | ૧૩૧ |

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**ધ્રોલ.**

ફરીયાદપક્ષનો ઉપરોકત પુરાવો પુરો થતાં આરોપી નંબર ૧ નું ફોજદારી કાર્યરીતિ સંહીતા ની કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ તેમની સામેના પુરાવો ખોટો છે અને ખોટુ પંચનામુ કરેલ છે તેમજ ફરીયાદી એ કરેલ કાર્યવાહી બાબતે તેઓ કશુ જાણતા નથી તેવુ જણાવેલ છે તથા વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને આ કામે તેઓને ખોટી રીતે સંડોવી દીધેલ છે અને જણાવેલ છે કે તેઓને પંચ તરીકે સહી કર્યા બાદ આરોપી તરીકે જોડેલ છે. વધુમાં આરોપી તરફે સોગંદ પર જુબાની આપવાનો તથા સાક્ષીઓ તપાસવાનો ઈનકાર કરેલ છે જેથી હાલનો કેસ દલીલો પર રાખવામાં આવેલ છે.

**4. દલીલો :-**

4.1. ફરીયાદપક્ષના વિ.એ.પી.પી.શ્રી આર. એસ. રામાણી એ દલીલ કરેલ છે કે, હાલના કેસમાં ફરીયાદી એ જુબાની આપી પુરાવો આપેલ છે કે તેઓએ આંક ૭૫ ના મુજબ પંચનામામાં જણાવ્યા મુજબ આરોપી નંબર ૧ પાસેથી કચોરી નો નમુનો કબજે કરેલ છે અને એ હકીકત ને આંક ૧૫૨ ના પંચ સાક્ષી કલ્પેશભાઇ હસમુખભાઇ ચનીયારા એ સમર્થન કરેલ છે જેથી આરોપી નંબર ૧ પાસેથી કચોરી નો નમુનો કબજે કરેલ હકીકત સાબિત થયેલ છે. વધુમાં આંક ૮૪ મુજબ આ કબજે કરેલ કચોરી નો નમુનો અનસેફ અને મીસ બ્રાન્ડેડ જાહેર થયેલ હોવાનુ ટેસ્ટીંગ થી સાબિત થયેલ છે. આમ, હાલના કેસના આરોપીને દોષિત ઠરાવવા રજુઆત કરેલ છે.

4.2. વધુમાં હાલના કામે મુળ ફરીયાદી ફુડ સેફટી ઓફીસરશ્રી, જામનગર તરફે આંક ૧૫૫ થી લેખિત દલીલ આપી રજુઆત કરેલ છે કે, ફરીયાદી એ સેમ્પલ લેતા સમયે નિયમ મુજબ કાર્યવાહી અને આંક ૭૫ થી પંચનામુ કરેલ છે અને તે બાબતે જુબાનીમાં પુરાવો પણ આપેલ છે. વધુમાં તેમના તરફે રજુઆત છે કે આંક ૮૪ માં પૃથ્થકરણ ની તારીખ લખવામાં ટાઇપોગ્રાફી ભુલ થયેલ છે પરંતુ તેનાથી હાલના કેસમાં કોઇ અસર થતી નથી. વધુમાં આંક ૮૩ ધ્યાને લેતા ફુડ એનાલીસ્ટ ને ફોર્મ નંબર ૬ ની નકલ મળેલ છે તેવુ તેઓએ પેરા ૨ માં જણાવેલ છે અને હાલના કેસમાં નમુનો ટેસ્ટીંગ માટે યોગ્ય હોવાનુ પણ સાબિત થયેલ છે. વધુમાં તેમના તરફે રજુઆત છે કે નમુના નો રીપોર્ટ આવ્યા બાદ તેના પર અપીલ કરવા અંગેની જાણ આરોપીઓને તારીખ ૩૦/૦૯/૨૦૧૪ ના રોજ કરેલ છે. વધુમાં તેમના તરફે રજુઆત છે કે હાલના કેસમાં ઉપર મુજબના તમામ દસ્તાવેજો નો અભ્યાસ કર્યા બાદ જ ફુડ વિભાગના તમામ અધિકારીઓ એ માઇન્ડ એપ્લાઇ કરીને હાલની ફરીયાદ દાખલ કરેલ છે. જેથી હાલના કેસના આરોપીઓને દોષિત ઠેરવી સજા અને દંડ કરવા વિનંતી કરેલ છે.

4.3. આરોપીઓ પક્ષ તરફથી વિદ્વાન વકિલશ્રી જે.એચ.અનડકટ તરફે રજુઆત છે કે હાલના કેસમાં આંક ૧ ની ફરીયાદ ધ્યાને લેતા ફરીયાદીએ કોઇને પુછયા વગર જ નકકી કરેલ છે કે આરોપી નંબર ૧ એ ફુડ બીઝનેસ ઓપરેટર છે અને ત્યારબાદ આરોપી નંબર ૧ ને પુછેલ છે તો આરોપી નંબર ૧ એ જણાવેલ કે

તેઓ નોકરી કરે છે. વધુમાં તેમના તરફે રજુઆત છે કે ફુડ સેફટી કાયદાની કલમ ૩૧ મુજબ આરોપી નંબર ૧ એ એફ.બી.ઓ. નથી અને હાલના કામે આંક ૭૦ ધ્યાને લેતા તેઓ નુ નામ એફ.બી.ઓ.માં દર્શાવેલ નથી.

વધુમાં આરોપી તરફે રજુઆત છે કે હાલના કામે આંક ૧૫૨ થી પંચ સાક્ષી ની જુબાની ધ્યાને લેતા તેઓને પંચમાં રહેવા જણાવેલ અને તેઓએ પંચમાં સહી કરેલ છે તે સિવાય કયાં સહી કરેલ નથી જેથી અન્ય દસ્તાવેજમાં પંચ ની સહી છે કે કેમ તે બાબતે શંકા જાય તેમ છે. વધુમાં પંચ સાક્ષીએ જણાવેલ છે કે પેઢીના માલીક આરોપી નંબર ૨ હાજર હતા. આમ, આરોપી નંબર ૨ પેઢીના માલીક હાજર હતા તેમ છતા તેઓની કયાંય સહી લેવામાં આવેલ નથી કે તેઓને નોટીસ આપવામાં આવેલ નથી અને આરોપી નંબર ૨ કે જેઓ નોકરી કરતા હતા તેમના પર તમામ કાર્યવાહી કરેલ છે જેથી ફરીયાદપક્ષ ની હકીકતમાં શંકા જાય તેમ છે.

વધુમાં આરોપી તરફે રજુઆત છે કે ફરીયાદીએ ફરીયાદમાં જણાવ્યા મુજબ ચાર સેમ્પલ લીધેલ છે અને આંક ૭૯ મુજબ એક મોકલેલ છે અને એક સેમ્પલ રાખી મુકેલ છે પરંતુ આંક ૮૩ ધ્યાને લેતા ફુડ લેબોરેટરી ને ત્રણ સેમ્પલ મળેલ છે. વધુમાં આંક ૭૩ માં જણાવ્યા મુજબ ચાર પેકેટ ના સેમ્પલ લીધેલ અને દરેક સેમ્પલમાં ૩૦ નંગ હતા જયારે આંક ૮૩ ધ્યાને લેતા ફુડ લેબોરેટરી  ને ત્રણ સેમ્પલ મળેલ છે અને તેમાં ત્રણ નંગ હતા તેવુ જણાવેલ છે જેથી ફરીયાદપક્ષ ની કાર્યવાહીમાં શંકા જાય તેમ છે.

વધુમાં આરોપી તરફે રજુઆત છે કે, ફરીયાદીને નમુનો અનસેફ જાહેર થયેલ છે ત્યારે ખબર પડેલ છે તે જણાવેલ નથી અને આંક ૮૪ ધ્યાને લેતા તેમાં બે તારીખ લખવામાં આવેલ છે જેથી કઇ સાચી છે તે બાબતે કોઇ પુરાવો ફરીયાદી એ આંક ૬૬ ની જુબાનીમાં આપેલ નથી. વધુમાં ફરીયાદી ની ઉલટ તપાસ ધ્યાને લેતા તેઓ સ્વીકારે છે કે તેઓની પાસે પેઢીના માલીકનુ નામ હતુ તેમ છતા તેઓએ નમુનો અનસેફ જાહેર થયેલ છે તેની જાણ આરોપી નંબર ૨ ને કરેલ નથી કે જે ફુડ બીઝનેસ ઓપરેટર છે પરંતુ આરોપી નંબર ૧ ને કરેલ છે જે પેઢીમાં નોકરી કરતા હતા અને ફુડ બીઝનેસ ઓપરેટર નથી.

વધુમાં આરોપી તરફે રજુઆત છે કે, આંક ૮૦ અને ૮૩ માં નમુનો કેટલા નંગ મળેલ છે તે બાબતે પણ વિરોધાભાસ છે.

વધુમાં આંક ૭૭ અને ૮૦ માં પંચ ની સહી નથી જે લેવી ફરજીયાત છે અને જેમાં નિયમનો ભંગ થયેલ છે.

આમ, આરોપી તરફે રજુઆત છે કે હાલના કેસમાં ફરીયાદપક્ષ એ નિયમ મુજબ કાર્યવાહી કરેલ નથી જેથી હાલના આરોપી સામે કેસ સાબિત કરી શકેલ ન હોઇ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

5. **મુદ્દાઓ :-**

5.1. શું ફરિયાદ પક્ષની એ હકીકત સાબિત કરે છે કે, આરોપીઓએ ગુરૂકૃપા બ્રાન્ડ પેક ની કચોરી અનસેફ અને મીસ બ્રાન્ડેડ હોઇ અને વેચાણ કરતા હોઇ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ ની કલમ કલમ ૩(૧) (zz) (viii) મુજબ

અનસેફ તથા કલમ 3(૧) (zf) મુજબ મીસ બ્રાન્ડેડ, કલમ ૨૬(૧), (૨) (i)(ii) (v) નો ભંગ કરી કલમ ૫૯ મુજબ ગુન્હો કરેલ છે ?

5.2. શું હુકમ ?

6. **મુદ્દાઓ ના નિર્ણય :-**

6.1. નકારમાં.

6.2. આખરી હુકમ મુજબ.

**-: કારણો :-**

7. ફરિયાદપક્ષ ના પૂરવાનું મૂલ્યાંકન કરતા પહેલા ફોજદારી કાર્યવાહીમાં પૂરાવાનું મૂલ્યાંકન, વિશ્લેષણ કરતી વખતે પ્રસ્થાપિત થયેલ કેટલાક સિદ્ધાંતો લક્ષમાં લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે.

7.1. ફોજદારી કાયદા મુજબ ફરિયાદપક્ષે આરોપી સામે પોતાનો કેસ નિશંક પુરાવાથી પુરવાર કરવાનો રહે છે. જ્યારે આરોપીપક્ષે પોતાનો બચાવ સંભવિતતા ના સિદ્ધાંત ઉપર પુરવાર કરવાનો રહે છે અને તે માટે આરોપી પક્ષ ફરિયાદ પક્ષના સાહેદોના પુરાવા દરમ્યાન ઉલટ તપાસમાં તે હકીકત પુરવાર કરી શકે છે.

7.2. જ્યારે કોઈ કિસ્સામાં ફરિયાદપક્ષના સાહેદોના પુરાવામાં કોઈ ગૌણ અને ક્ષુલ્લક વિરોધાભાસ હોય તો તેને લઈને ફરિયાદપક્ષના કેસને કોઈ નુકશાન થતું નથી. પરંતુ જો સાહેદોનો પુરાવો મહત્વની બાબતો માં વિરોધાભાસી અને અસંગતતા ભર્યો હોય તો તેવા પ્રસંગે તે હકીકત ફરિયાદ પક્ષની વિપરીત જાય છે.

7.3. ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૧૩૪ લક્ષમાં લેતા કોઈ એક હકીકત સાબિત કરવા અમુક સાહેદો ની સંખ્યા હોવી જરૂરી નથી. એટલે કે, સાહેદોની સંખ્યા/જથ્થો નહિ, પણ પુરાવાની ગુણવત્તા કે સાહેદો ના પુરાવાની વિશ્વસનીયતા મહત્વની છે.

7.4. ફોજદારી કાયદાનો એ સિદ્ધાંત પણ સુસ્થાપિત છે કે, ફોજદારી કેસમાં જે કંઈ પણ નિર્ણય ઉપલી અદાલતે આપેલ હોય છે તે જે તે કિસ્સાની સંબંધિત હકીકતો અને સંજોગો આધારિત હોય છે અને તે ચુકાદો હકીકતો પર આધારિત ચુકાદો ગણાય છે અને તેથી જે તે ચુકાદો હાથ પર ના કેસની હકીકતોમાં આપોઆપ લાગુ પડતા નથી. અદાલતે પોતાની સમક્ષના જે તે કિસ્સાની હકીકતો અને સંજોગો તથા રેકર્ડ પરના પુરાવાના અનુસંધાને જે તે કિસ્સામાં નિર્ણય લેવાનો રહે છે.

8. હાલના કેસમાં ફરીયાદી તરફે આંક ૬૬ થી લલીતકુમાર દેવશીભાઇ ફળદુ ને તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં હાલની ફરીયાદ ને લગતી હકીકત ની જુબાની આપેલ છે અને આંક ૬૭ થી ૧૩૧ સુધીના દસ્તાવેજો રજુ કરી તે અંગે પુરાવો આપેલ છે અને જણાવેલ છે કે, આરોપીઓએ ગુરૂકૃપા બ્રાન્ડ પેક ની કચોરી અનસેફ અને મીસ બ્રાન્ડેડ હોઇ અને વેચાણ કરતા હોઇ તેઓની પેઢીમાંથી નિયમ મુજબ સેમ્પલ લીધેલ અને ફુડ એનાલીસ્ટને મોકલતા આ નમુનો અનસેફ અને મીસબ્રાન્ડેડ જાહેર થયેલ હોઇ કાયદા અને નિયમ મુજબ જરૂરી પરવાનગી લઇ હાલના આરોપીઓ સામે કેસ કરેલ છે તેવો પુરાવો આપેલ છે. વધુમાં ફરીયાદપક્ષે

હાલના કેસમાં આંક ૧૫૨ થી કલ્પેશભાઇ હસમુખભાઇ ચનીયારા ને તપાસેલ છે અને તેઓએ પણ ફરીયાદી એ આરોપીઓની પેઢીમાં કરેલ સેમ્પલ ની કાર્યવાહી અને આંક ૭૫ ના પંચનામા માં પંચ તરીકે સહી કરેલી તેવો પુરાવો આપેલ છે.

9. હાલના કેસમાં આરોપી નંબર ૧ એ ફુડ બિઝનેસ ઓપરેટર નથી પરંતુ તેઓ પેઢીમાં નોકરી કરતા હતા તેવો બચાવ લેવામાં આવેલ છે જેથી આ તબકકે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડસ એકટ ૨૦૦૬ ની કલમ ૩ (O) માં ફુડ બિઝનેસ ઓપરેટર ની વ્યાખ્યા ધ્યાને લેતા નીચે મુજબ છે.

FOOD SAFETY AND STANDARDS ACT, 2006

SECTION 3 (o) "food business operator" in relation to food business means a person by whom the business is carried on or owned and is responsible for ensuring the compliance of this Act, rules and regulations made thereunder;

આમ, ઉપરોકત વ્યાખ્યા મુજબ જે વ્યકિત દ્વારા ધંધો ચલાવવામાં આવતો હોય અથવા માલીક અને જવાબદાર હોય અને જે આ કાયદા અને નિયમ મુજબ નુ પાલન કરવા બંધાયેલ હોય તેનો સમાવેશ થાય છે. આમ, ધંધામાં નોકરી કરતી વ્યકિતનો સમાવેશ ફુડ બિઝનેસ ઓપરેટર માં થતો નથી. જેથી હાલના કામે જે જગ્યાએ થી ફુડ નો નમુનો ફરીયાદી એ લીધેલ છે તે પેઢીનુ આંક ૭૦ થી લાયસન્સ રજુ થયેલ છે તે મુજબ ફુડ બિઝનેસ ઓપરેટર અને માલીક આરોપી નંબર ૨ છે તેમાં આરોપી નંબર ૧ નો સમાવેશ કરવામાં આવેલ નથી. આમ,

આરોપી નંબર ૧ ને કેવી રીતે ફુડ બિઝનેસ ઓપરેટર ગણવામાં આવેલ છે અને તેઓની સામે કયા આધારે કેસ કરવામાં આવેલ છે તે હકીકત બાબતે શંકા ઉત્પન્ન થાય છે.

10. વધુમાં ફરીયાદી એ આંક ૬૬ ની જુબાનીમાં પુરાવો આપેલ છે કે તેઓ તારીખ ૨૦/૦૮/૨૦૧૪ ના રોજ ફરજ પર હતા તે દરમ્યાન ધ્રોલ બસ સ્ટેશન મુકામે રવિ સીઝન સ્ટોર્સ પર સાક્ષીની હાજરીમાં મુલાકાત લીધેલ ત્યાં આરોપી નંબર ૧ એફ. બી. ઓ. (ફુડ બિઝનેસ ઓપરેટર) હાજર હતા અને તેઓએ ફરીયાદી ને જણાવેલ કે પેઢીના માલીક રાજકોટ ગયેલ છે અને તેઓ પેઢીમાં નોકરી કરે છે તેવુ જણાવેલ ત્યારબાદ ફરીયાદી એ આરોપી નંબર ૧ એફ. બી. ઓ. (ફુડ બિઝનેસ ઓપરેટર) ને લાઈસન્સ બાબતે પુછતા લાઈસન્સ ની નકલ રજુ કરેલ જે હાલના કામે આંક ૭૦ થી રજુ છે અને તેમાં ફરીયાદી, સાક્ષી અને આરોપી નંબર ૧ એફ.બી.ઓ. (ફુડ બિઝનેસ ઓપરેટર) એ સહી કરેલી તેવો પુરાવો આપેલ છે.

જયારે ફરીયાદપક્ષ એ આંક ૧૫૨ થી કલ્પેશભાઈ હસમુખભાઇ ચનીયારા ને તપાસેલ છે તેઓની જુબાની ની ઉલટ તપાસ ધ્યાને લેતા તેઓ સ્વીકારે છે કે સેમ્પલ લેવાની કાર્યવાહી સમયે તેઓ પોતે, ફુડ ઈન્સપેકટર સાહેબ, આરોપી નંબર ૧ મુર્તુજાભાઈ, આરોપી નંબર ૨ બાબુલાલ બાવનજી અમૃતીયા એમ ચાર જણા હાજર હતા.

આમ, ફરીયાદી નો પુરાવો ધ્યાને લેતા તેઓ પેઢીમાં ગયેલ ત્યારે તેઓ પોતે, પંચ કલ્પેશભાઈ અને આરોપી નંબર ૧ એમ **ત્રણ જણા હાજર હતા** જયારે

પંચ કલ્પેશભાઇ ની જુબાનીમાં તેઓ પોતે, ફરીયાદી, આરોપી નંબર ૧ અને આરોપી નંબર ૨ એમ **ચાર જણા હાજર હતા** તેવુ જણાવેલ છે જેથી મહત્વની હકીકત બાબતે વિરોધાભાસ આવે છે.

વધુમાં ફરીયાદી નો ઉપરોકત પુરાવો ધ્યાને લેતા ફરીયાદી એ આરોપી નંબર ૧ ના કહેવાથી તેઓ એફ.બી.ઓ. (ફુડ બિઝનેસ ઓપરેટર) છે તેવુ શરૂઆતમાં જ માની લીધેલ છે. વધુમાં આરોપી નંબર ૧ એ આંક ૭0 થી પેઢીના લાઈસન્સ ની નકલ ફરીયાદી ને આપેલ છે જે આંક ૭0 ની નકલ ધ્યાને લેતા તેમાં એફ.બી.ઓ. (ફુડ બિઝનેસ ઓપરેટર) તરીકે આરોપી નંબર ૧ નુ નામ ન હોવા છતા તેમજ આરોપી નંબર ૧ એ તેઓ પેઢીમાં નોકરી કરે છે તેવુ ફરીયાદી ને જણાવેલ હોવા છતા ફરીયાદી એ આંક ૭0 માં આરોપી નંબર ૧ ની એફ.બી.ઓ. (ફુડ બિઝનેસ ઓપરેટર) તરીકે સહી લીધેલ છે જેથી આરોપી નંબર ૧ ને ફરીયાદી એ કેવી રીતે એફ.બી.ઓ. (ફુડ બિઝનેસ ઓપરેટર) માનેલ છે તે બાબતે કોઇ પુરાવો આપેલ નથી. આમ, આરોપી નંબર ૧ ને કેવી રીતે ફુડ બિઝનેસ ઓપરેટર ગણવામાં આવેલ છે અને તેઓની સામે કયા આધારે કેસ કરવામાં આવેલ છે તે હકીકત બાબતે ફરીયાદી તરફે કોઈ પુરાવો રજુ થયેલ ન હોઇ શંકા ઉત્પન્ન થાય છે.

વધુમાં ફરીયાદપક્ષ એ આંક ૧૫૨ થી કલ્પેશભાઈ હસમુખભાઇ ચનીયારા ને તપાસેલ છે તેઓની જુબાની ની ઉલટ તપાસ ધ્યાને લેતા તેઓ સ્વીકારે છે કે, ફુડ ઇન્સપેકટર એ તેઓને અને આરોપી નંબર ૧ મુર્તુજાભાઇ ને પંચમાં જરૂર છે તેવુ જણાવેલુ. આમ, આરોપી નંબર ૧ એ તેમના વિશેષ નિવેદનમાં

હકીકત જણાવેલ છે કે તેઓએ પંચમાં સહી કરવાની ના પાડેલ જેથી તેમના પર ખોટો કેસ કરેલ છે અને આરોપી બનાવેલ છે તેવુ જણાવેલ છે.

આમ, ફરીયાદીનો ઉપરોકત પુરાવો, પંચ ની જુબાની અને આરોપી નંબર ૧ નુ વિશેષ નિવેદન તેમજ આંક ૭૦ માં એફ.બી.ઓ. (ફુડ બિઝનેસ ઓપરેટર) તરીકે આરોપી નંબર ૧ ની સહી એકસાથે ધ્યાને આરોપી નંબર ૧ ને કોઈપણ યોગ્ય કારણ અને પુરાવા વિના હાલના કેસમાં આરોપી બનાવવામાં આવેલ છે તે હકીકત સાબિત થાય છે.

11. વધુમાં ફરીયાદીપક્ષ નો ઉપરોકત તમામ પુરાવો ધ્યાને લેતા ફરીયાદી એ આંક ૬૬ ની જુબાનીમાં પંચ સાક્ષીના રૂબરૂ નમુનો લીધેલ છે તેવો પુરાવો આપેલ છે પરંતુ આ તબકકે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ રૂલ્સ ૨૦૧૧ ના ૨.૪.૧ (૧) અને (૨) ધ્યાને લેતા નીચે મુજબ છે.

RULE 2.4 : Sampling and Analysis

2.4.1: Procedure for taking sample and manner of sending it for analysis.-

The Food Safety Officer while taking sample of food for analysis under Clause A of sub-section (1) of Section 38 and Section 47 [except 47(5)] of the Act, **shall** also follow the procedure specified hereunder:-

1. Shall call one or more witnesses at the time of lifting of the samples.

2. **Obtain the signatures from the witnesses** in all the **forms and documents** prepared.

આમ, ઉપરોકત રૂલ્સ ધ્યાને લેતા તેમાં **‘shall’** શબ્દ પ્રયોજવામાં આવેલ છે જેથી તે મુજબ ફુડ સેફટી ઓફીસર એ સેમ્પલીંગ વખતે અને એનાલીસીસ માટે મોકલતી વખતે તમામ કાર્યવાહીના **નમુના અને દસ્તાવેજ** માં સાક્ષી ની સહી લેવી ફરજીયાત છે પરંતુ હાલના કેસમાં ફરીયાદી એ આપેલ આંક ૬૬ થી ફરીયાદી નો પુરાવો ધ્યાને લેતા હાલના કામે રજુ થયેલ આંક ૭૭ મુજબ ફૂડ એનાલીસ્ટ, ફૂડ લેબોરેટરી, વડોદરા ને રજીસ્ટર્ડ પોસ્ટ થી તારીખ ૨૧/૦૮/૨૦૧૪ ના રોજ મોકલેલ (સ્પેશીમેન સીલ ઈમ્પ્રેશન સહિત) નો પત્ર અને આંક ૮૦ મુજબ ફૂડ એનાલીસ્ટ, ફૂડ લેબોરેટરી, વડોદરાને નમુનો એસ.ટી પાર્સલ થી તારીખ ૨૦/૦૮/૨૦૧૪ ના રોજ મોકલેલ ફોર્મ ૬ ધ્યાને લેતા તેમાં ઉપરોકત જણાવ્યા મુજબ રૂલ્સ ૨.૪.૧ (૨) મુજબ પંચ સાક્ષી ની સહી લેવામાં આવેલ નથી અને શા માટે પંચ સાક્ષીની સહી લેવામાં આવેલ નથી તે અંગે ફરીયાદી એ કોઇ પુરાવો પણ આપેલ નથી.

આમ, ફરીયાદી એ લીધેલ નમુના બાદ આ નમુના ને એનાલીસીસ માટે મોકલવાની કાર્યવાહી માં પંચ સાક્ષી ની સહી લીધેલ નથી તે હકીકત સાબિત થાય છે જેથી ઉપર જણાવ્યા મુજબ રૂલ્સ ૨.૪.૧ (૨) નો ભંગ થયેલ છે તે સાબિત થાય છે.

આમ, ફરીયાદી નો ઉપરોકત પુરાવો ધ્યાને લેતા ફરીયાદી એ સેમ્પલીંગ કર્યા બાદ એનાલીસીસ માટે મોકલવા માટે નિયમો નો ભંગ કરેલ છે જેથી ફરીયાદપક્ષ ની ઉપરોકત સેમ્પલીંગ અને એનાલીસીસી માં મોકલેલ કાર્યવાહીમાં

માં શંકા ઉત્પન્ન થાય છે જેથી હાલના કામે રજુ થયેલ ફરીયાદી નો પુરાવો ફરીયાદપક્ષ ની હકીકત સાબિત કરવા માટે વિશ્વસનીય કહી શકાય તેમ નથી.

12. વધુમાં આરોપીઓ તરફે બચાવ લેવામાં આવેલ છે કે આંક ૮૪ નો ફુડ એનાલીસ્ટ નો રીપોર્ટ આવ્યા બાદ આરોપીઓને ફેર પૃથ્થકરણ ની જાણ નિયમ મુજબ કરવામાં આવેલ નથી જેથી આ તબકકે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ ૨૦૦૬ ની કલમ ૪૬(૪) ધ્યાને લેતા નીચે મુજબ છે.

FOOD SAFETY AND STANDARDS ACT, 2006

Section 46 (4) An appeal against the report of Food Analyst shall lie before the Designated Officer who shall, if he so decides, refer the matter to the referral food laboratory as notified by the Food Authority for opinion.

વધુમાં આ તબકકે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ રૂલ્સ ૨૦૧૧ ના રૂલ્સ ૨.૪.૫.૧ તથા ૨.૪.૬.૧ ધ્યાને લેતા નીચે મુજબ છે.

FOOD SAFETY AND STANDARDS RULES, 2011

2.4.5: Food business operator's right to have the food analysed

1. In case the Food business operator from whom the sample has been taken or the person whose name and address and other particulars have been disclosed under Rule 2.5 of these rules, desires to have the fourth part of the sample analysed, he shall request the Food Safety Officer in writing to

send the sample to any NABL accredited/FSSAI notified laboratory for analysis under intimation to the Designated Officer.

2.4.6: Appeal to the Designated Officer

1. When an appeal as provided under sub-section (4) of Section 46 is preferred to the Designated Officer by the Food Business Operator against the report of the Food Analyst, the Designated Officer, shall if he so decides, within thirty days from the receipt of such appeal after considering the material placed before him and after giving an opportunity to Food Business Operator to be heard shall forward one part of the sample to the referral lab. Such appeal shall be in Form VIII which shall be filed within 30 days from the date of the receipt of the copy of the analysis report from the Designated Officer. Report of the referral laboratory shall be final in this regard.

આમ, ઉપરોકત કલમ ૪૬ (૪) અને રૂલ્સ ૨.૪.૫.૧ તથા ૨.૪.૬.૧ મુજબ ફુડ એનાલીસ્ટનો રીપોર્ટ આવ્યા બાદ આરોપીઓ તે રીપોર્ટ પર અપીલ કરી શકે છે અને ફુડ નો નમુનો રેફરલ લેબોરેટરીમાં ફેર ચકાસણી માટે મોકલવાની તક આરોપીઓને આપવી જોઇએ જેથી હાલના કામે ફરીયાદી તરફે આપેલ પુરાવા ધ્યાને લેતા આંક ૮૪ ના ફુડ એનાલીસ્ટ ના રીપોર્ટ ની જાણ અને અપીલ કરવા

સારૂ આરોપીઓ ને આંક ૮૫ થી પત્ર કરવામાં આવેલ છે પરંતુ આ પત્ર આરોપીઓને મોકલવામાં આવેલ છે કે કેમ અને આ પત્ર આરોપીઓ ને મળી ગયેલ છે કે કેમ તે બાબતે કોઇ પુરાવો ફરીયાદી તરફે રજુ થયેલ નથી. આમ, હાલના કેસના આરોપીઓને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ તથા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ રૂલ્સ મુજબ કાયદાકીય રીતે જે તક મળવી જોઇતી હતી તે હાલના કેસમાં આપવામાં આવેલ છે તે હકીકત સાબિત થતી નથી જેથી હાલના કેસમાં ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ તથા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ રૂલ્સ નુ પાલન કરવામાં આવેલ છે કે કેમ તે બાબતે શંકા ઉત્પન્ન થાય છે.

વધુમા ઉપરોકત જણાવ્યા મુજબ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ ની કલમ ૪૬ (૪) અને રૂલ્સ ૨.૪.૫.૧ તથા ૨.૪.૬.૧ મુજબ આવ્યા બાદ આરોપીઓ ને કાયદાકીય તક આપવામાં આવેલ છે તે બાબતે કોઇ દસ્તાવેજો રજુ થયેલ નથી તેમ છતા ફુડ વિભાગના તમામ અધિકારીઓએ કેસ પેપર્સ જોયા વિના અને માઈન્ડ એપ્લાય કર્યા વિના હાલના આરોપીઓ સામે કેસ કરેલ છે તે હકીકત સાબિત થાય છે.

13. વધુમાં હાલના કેસમાં ફરીયાદી એ આંક ૬૬ માં આપેલ પુરાવા મુજબ તેમજ આંક ૭૨ અને ૭૩ ના દસ્તાવેજો ધ્યાને લેતા આરોપીઓ પાસેથી **ચાર પેકટ** અને દરેકમાં પેકેટમાં **30 નંગ** કચોરી નો નમુનો લેવામાં આવેલ છે ત્યારબાદ આંક ૭૯ ના પેરા ૧ ની છેલ્લી લાઇન અને ૮૦ ના કોલમ નંબર ૧ ધ્યાને લેતા ફુડ એનાલીસ્ટ લેબોરેટરી ને ફુડનો **એક સીલબંધ** નમુનો મોકલવામાં આવેલ છે જયારે હાલના કામે રજુ થયેલ આંક ૮૩ નો ફુડ એનાલીસ્ટ, વડોદરા ના પત્ર ના પેરા ૧ અને ૩

ધ્યાને લેતા તેઓને **ત્રણ સીલબંધ પેકેટ** ના નમુના મળેલ છે અને સીલબંધ પેકેટમાં પૃથ્થકરણ યોગ્ય **ત્રણ નંગ** મળેલ છે.

આમ, ઉપરોકત પુરાવો ધ્યાને લેતા ફરીયાદીના કહેવા મુજબ એક સીલ બંધ નમુનો મોકલવામાં આવેલ અને તેમાં 30 નંગ કચોરી હતી જયારે ફુડ એનાલીસ્ટ, વડોદરા ને ત્રણ સીલબંધ પેકેટ મળેલ છે જેમાં ત્રણ નંગ કચોરી હતી જેથી મહત્વ ની વિરોધાભાસી હકીકત રેકર્ડ પર આવેલ છે જેથી ફુડ એનાલીસ્ટ ને કયો નમુનો મળેલ છે તે બાબતે શંકા ઉત્પન્ન થાય છે.

14. આમ, ઉપરોકત તમામ કારણો ધ્યાને લેતા હાલના કેસમાં ફરીયાદીપક્ષ તરફે રજુ થયેલ ફરીયાદીનો પુરાવો ધ્યાને હાલના કેસમાં અગાઉ ઉપર જણાવ્યા મુજબ નિયમોનો ભંગ થયેલ છે તેમજ ફરીયાદી તરફે હાલના કેસના આરોપી નંબર ૧ એ ફુડ બિઝનેસ ઓપરેટર છે તે બાબતે યોગ્ય અને સચોટ પુરાવો રજુ કરવામાં આવેલ નથી તેમજ ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત પુરાવાઓમાં અગાઉ ઉપર જણાવ્યા મુજબ મહત્વની હકીકતો માં વિરોધાભાસ સાબિત થયેલ હોઇ ફરીયાદપક્ષ નો પુરાવો વિશ્વસનીય જણાઇ આવેલ નથી જેથી ફરીયાદીપક્ષ હાલના કેસના આરોપીઓ સામે નિ:શંકપણે કેસ પુરવાર થઇ શકે તેવો પુરાવો રજુ કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

1. હાલના કેસના આરોપી મુર્તુજા નજમુદીન કાદીયાણી, રહેવાસી : મોરબી નાકા પાસે, ધ્રોલ વાળા ને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ ૨૦૦૬ ની કલમ 3(૧) (zz)

(viii) મુજબ અનસેફ તથા કલમ 3(૧) (zf) મુજબ મીસ બ્રાન્ડેડ, કલમ ૨૬(૧), (૨) (i)(ii) (v) નો ભંગ કરી કલમ ૫૯ મુજબ ના ગુન્હાઓ માં નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

2. ઉપરોકત જણાવેલ આરોપી એ ફોજદારી કાર્યરીતિ સંહીતા ની કલમ ૪૩૭(એ) મુજબ અપીલ કોર્ટ માં હાજર રહેવા માટે રૂપીયા ૫૦,૦૦૦/- ના જામીન અને તેટલી જ રકમના જાત જામીન છ મહીના સુધીના રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ સને ૨૦૨૬ ના મે મહીના ની તારીખ ૦૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૦૫/૦૫/૨૦૨૬

ધ્રોલ.

(મિલાપ એ. કોટડીયા)

(કોડ નંબર જીજે૦૧૬૩૪)

જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,

ધ્રોલ.